# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) સરહદ પર યુધ્ધ વિરામની સ્થિતિને યથાવત રાખવા સહિતના મુદ્દે ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે આજે ચર્ચા

2) નિયંત્રણ રેખા ઉપર ભારતનીચોકીઓને નુકસાન કરવાના આશય સાથે પાકિસ્તાન સૈન્ય દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની માહિતી

3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઇજિપ્તના સમકક્ષ બદ્ર અબ્દેલટ્ટી સાથેની ફોન પરની વાતચીતમાં તેમને વર્તમાન સ્થિતિથી અવગત કરાવ્યાં

4) ફરી વખત વાતચીત કરવાના નિર્ણય સાથે પરમાણુ કાર્યક્રમ અંગે અમેરિકા અને ઈરાન વચ્ચે ચોથા તબક્કાની વાટાઘાટો પૂર્ણ

5) ભારત સહિત વિશ્વભરમાં આજે બુદ્ધ પૂર્ણિમાની આસ્થા સાથે ઉજવણી

**************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DGMO BFIFING

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓએ આજે બપોરે 12 વાગ્યે યુધ્ધ વિરામની સ્થિતિ યથાવત રહે અને આ સમજૂતીને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે ચર્ચા કરશે...ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ, લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું છે કે પાકિસ્તાન દ્વારા યુધ્ધની સ્થિતિનું નિર્માણ કરી દેવાયું છે..

(બાઇટ- લેફટનન્ટ જનરલ રાજીવ ઘાઇ-001)

ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, ડીજીએમઓએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદી કેન્દ્રો પર થયેલા હુમલામાં 100 થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે.. પાકિસ્તાન સૈન્ય દ્વારા ભારતીય ચોકીઓને નિશાન બનાવવાના આશય સાથે ભારતમાં ઘૂસણખોરીનો પ્રયાસ થઇ રહ્યો હોવાની માહિતી મળી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું

(બાઇટ- લેફટનન્ટ જનરલ રાજીવ ઘાઇ--002)

એર ઓપરેશન્સના ડિરેક્ટર જનરલ, એર માર્શલ એકે ભારતીએ વાયુસેના દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે કહ્યું હતું કે પાકિસ્તાનના વિમાનોને સરહદની અંદર પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા અને કેટલાક વિમાનોને તોડી પાડવામાં આવ્યા હતા.ડાયરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ વાઇસ એડમિરલ એ.એન. પ્રમોદે જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળ પાકિસ્તાન દ્વારા કરવામાં આવતી કોઈપણ પ્રતિકૂળ કાર્યવાહીનો નિર્ણાયક જવાબ આપવા માટે સમુદ્રમાં સજ્જ છે.. . . . . . . . . . . . . . . . . . . .

# JAISHANKAR - EGYPT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે તેમના ઇજિપ્તના સમકક્ષ બદ્ર અબ્દેલટ્ટી સાથેની ફોન પરની વાતચિતમાં વર્તમાન સ્થિતિથી અવગત કરાવ્યાં હતાં. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે શ્રી અબ્દેલટ્ટી તેમને તાજેતરના ઘટનાક્રમથી માહિતગાર કર્યા હતા અને તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદ માટે ઝીરો ટોલરન્સના મહત્વ પર ભાર મૂક્યો હતો. બંને નેતાઓએ ભારત અને ઇજિપ્ત વચ્ચે આર્થિક સહયોગની સંભાવનાઓ પર પણ  ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TIBET EARTHQUAKE

તિબેટમાં આજે ભારતીય સમય મુજબ સવારે 2 વાગીને 41 મિનિટે વાગ્યે રિક્ટર સ્કેલ પર 5.7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપના આંચકા સમગ્ર વિસ્તારમાં અનુભવાયા હતા. જોકે, અત્યાર સુધીમાં નુકસાન કે ઈજાના કોઈ અહેવાલ નથી. ભારતના નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર ભૂકંપનું કેન્દ્ર જમીનમાં 10 કિલોમીટરની ઊંડાઈમા હતું. છેલ્લા કેટલાક અઠવાડિયા દરરમિયાન આ વિસ્તારમાં અનેક ભૂકંપના આંચકા અનુભવાયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# US-IRAN TALKS

તેહરાનના પરમાણુ કાર્યક્રમ અંગે અમેરિકા અને ઈરાન વચ્ચે ચોથા તબક્કાની વાટાઘાટો ગઈકાલે ઓમાનની રાજધાની મસ્કતમાં પૂર્ણ થઈ. જેમાં બંને પક્ષો ફરીથી મળવા સંમત થયા હતા. અમેરિકાના મધ્ય પૂર્વના રાજદૂત સ્ટીવ વિટકોફે જણાવ્યું કે મસ્કતમાં થયેલી ચર્ચાઓ પ્રોત્સાહક હતી, જ્યારે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ તેને મુશ્કેલ પરંતુ ઉપયોગી ગણાવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NASA ISRO SATALITE

ભારતીય અવકાશ સંશોધન સંગઠન-ઇસરોના અધ્યક્ષ ડૉ. વી. નારાયણને જણાવ્યું હતું કે, નાસા-ઇસરો સિન્થેટિક એપ્રોચ રડાર સેટેલાઇટ આવતા મહિના સુધીમાં લોન્ચ થઈ શકે છે.

અગરતલાના ઇમ્ફાલ ખાતે કેન્દ્રીય કૃષિ યુનિવર્સિટીના 5મા દીક્ષાંત સમારોહ પ્રસંગે આકાશવાણી સાથે વાત કરતા તેમણે કહ્યું કે રડાર સેટેલાઇટમાં બે મુખ્ય પેલોડ છે અને તેમાં માઇક્રોવેવ રિમોટ સેન્સિંગ સેટેલાઇટ પણ છે. શ્રી નારાયણને કહ્યું કે એક પેલોડ અમેરીકા દ્વારા બનાવવામાં આવ્યો છે જ્યારે બીજો ભારત દ્વારા બનાવવામાં આવ્યો છે.

ભારતના આગામી મિશન અને પ્રક્ષેપણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે 18 મેના રોજ PSLV દ્વારા RA-SAT અને C બેન્ડ સિન્થેટિક રડાર સેટેલાઇટ લોન્ચ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે આવતા મહિને અવકાશયાત્રીને અનુભવ મેળવવા માટે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર મોકલવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

……………………………………………………………..

# EVE RUSSIA - UKRIANE CEASEFIRE

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ રશિયા યુદ્ધ સમાપ્ત કરવાનું વિચારી રહ્યું છે તેનું સ્વાગત કર્યું છે અને તેને સકારાત્મક સંકેત ગણાવ્યો છે. તેમણે શાંતિ તરફના પ્રથમ પગલા તરીકે સંપૂર્ણ, સ્થાયી અને વિશ્વસનીય યુદ્ધવિરામના મહત્વ પર ભાર મૂક્યો હતો. ઝેલેન્સકીએ કહ્યું હતું કે યુદ્ધવિરામમાં જમીન, સમુદ્ર અને હવા સહિત તમામ ક્ષેત્રો આવરી લેવા જોઈએ અને ઓછામાં ઓછા 30 દિવસ સુધી ચાલવું જોઈએ.

અગાઉ, રશિયન રાષ્ટ્રપતિ પુતિને કહ્યું હતું કે રશિયા યુક્રેન સાથે 'સીધી વાટાઘાટો' માટે તૈયાર છે. બ્રિટેન, ફ્રાન્સ, જર્મની અને પોલેન્ડના યુરોપિયન નેતાઓએ કિવની યાત્રા કરીને સંપૂર્ણ અને બિનશરતી યુદ્ધવિરામની હાકલ કર્યા પછી આ અંગે નિર્ણય લેવાશે.

. . . . . . . . . . . . . . .

# BALOOCH LIBERATION ARMY

બલૂચ લિબરેશન આર્મી-બીએલએએ બલૂચિસ્તાનમાં ૩૯ જુદા-જુદા સ્થળોએ અનેક હુમલાઓની જવાબદારી સ્વીકારી છે. એક નિવેદનમાં, બીએલએએ જાહેરાત કરી હતી કે ઓપરેશન હજુ પણ ચાલુ છે. બીએલએના પ્રવક્તા ઝીંદ બલોચના જણાવ્યા અનુસાર, હુમલાઓમાં પોલીસ સ્ટેશનો, લશ્કરી કાફલાઓ અને મુખ્ય ધોરીમાર્ગો પરના માળખાકીય સુવિધાઓ સહિત અનેક લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. બીએલએ એ પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં સ્થિત એક સશસ્ત્ર અલગતાવાદી જૂથ છે, જે બલૂચ લોકો માટે સ્વતંત્રતા ઇચ્છે છે.

. . . . . . . . . . . . . . .

# PUNJAB POLICE

પંજાબ પોલીસે નવી દિલ્હીમાં પાકિસ્તાન દૂતાવાસમાં તૈનાત અધિકારીની સરહદ પારની જાસૂસીમાં સંડોવણીનો ઘટસ્ફોટ કર્યો છે.

પાકિસ્તાનમાં ઓપરેટરોને ભારતીય સેનાની પ્રવૃત્તિઓ સંબંધિત સંવેદનશીલ માહિતી મોકલવામાં સંડોવાયેલા બે લોકોની પંજાબના મલેરકોટલા શહેરમાંથી ધરપકડ કરવામાં આવી છે.

પંજાબ પોલીસ વડા ગૌરવ યાદવે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ ગુપ્ત માહિતીના બદલામાં ઓનલાઈન વ્યવહારો દ્વારા ચુકવણી મેળવતા હતા.

. . . . . . . . . . . . . . .

# BUDDHA-PURNIMA

ભારત સહિત વિશ્વભરમાં આજે બુદ્ધ પૂર્ણિમાની આસ્થા સાથે ઉજવણી કરાઈ રહી છે. દર વર્ષે વૈશાખ મહિનાની પૂનમે બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવે છે.આ દિવસે લુંબિનીમાં ગૌતમ બુધ્ધનો જન્મ થયો હતો.તેમને બોધગયામાં જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી. સમગ્ર વિશ્વમાં હિંસા અને તણાવના આ યુગમાં ભગવાન બુદ્ધના વિચારો આજે પણ પ્રાસંગિક છે.આ દિવસ આત્મચિંતન, અહિંસા અને કરૂણાની ભાવનાને જાગૃત કરવાનો અવસર છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બુદ્ધ પૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ નાગરિકો અને વિશ્વભરના ભગવાન બુદ્ધના અનુયાયીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.એક સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, કરુણાના મૂર્ત સ્વરૂપ ભગવાન બુદ્ધ દ્વારા આપવામાં આવેલ અહિંસા, પ્રેમ અને દયાનો અમર સંદેશ માનવજાતના કલ્યાણનો મૂળ મંત્ર છે. તેમણે કહ્યું કે બુદ્ધના ઉપદેશો લોકોને નૈતિકતા પર આધારિત જીવન જીવવા માટે પ્રેરણા આપે છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે નાગરિકોને બુદ્ધ પૂર્ણિમાની શુભેચ્છા પાઠવી છે.તેમના સંદેશમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભગવાન બુદ્ધનો અહિંસા, દયા અને મધ્યમ માર્ગનો સંદેશ આજની દુનિયામાં વ્યક્તિ અને માનવતા બંને માટે સુસંગત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INTERNATIONAL NURSE DAY

આધુનિક નર્સિંગના સ્થાપક ફ્લોરેન્સ નાઇટિંગેલના જન્મદિન નિમિત્તે આજે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ વર્ષની થીમ "આપણી નર્સો. આપણું ભવિષ્ય છે..

વિશ્વ આરોગ્ય સંગઠને પણ નર્સોને વિશ્વભરમાં આરોગ્ય પ્રણાલીઓનું હૃદય ગણાવીને શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, WHO એ કહ્યું કે કટોકટીની સ્થિતીથી લઈને લાંબા ગાળાની સંભાળ સુધી, જન્મથી લઈને જીવનના અંત સુધી, નર્સો દરેક સ્થળે આરોગ્ય માટેની ફરજ અદા કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારતે ગઈકાલે કોલંબોમાં રમાયેલી ફાઇનલ મેચમાં શ્રીલંકાને 97 રનથી હરાવીને ત્રિકોણીય વન-ડે શ્રેણી જીતી લીધી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે મેચમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીતનાર ઉપ-સુકાની સ્મૃતિ મંધાનાની શાનદાર 116 રનની મદદથી 50 ઓવરમાં 7 વિકેટે 342 રન બનાવ્યા હતા, હરલીન દેઓલે પણ 47 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે જેમિમા રોડ્રિગ્સે 44 રન બનાવ્યા હતા. શ્રીલંકા તરફથી સુગંધિકા કુમારી, મલિક મદારા અને દેવમી વિહંગાએ બે-બે વિકેટ ઝડપી હતી.

જવાબમાં ઉપરાછાપરી વિકેટો ગુમાવનાર શ્રીલંકા 48.2 ઓવરમાં 245 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું ..ભારતીય સ્પિનર સ્નેહ રાણાએ 38 રન આપીને 4 વિકેટ ઝડપી હતી, જ્યારે ઝડપી બોલર અમનજોત કૌરે 54 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. બોલ સાથે તેના શાનદાર પ્રદર્શન માટે, સ્નેહ રાણાને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મળ્યો જેણે 5 મેચમાં 15 વિકેટ ઝડપી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજના અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મખુય સમાચારમાં તમામ અખબારોએ ભારતીય સૈન્યની ત્રણ પાંખ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદને મુખ્ય સમાચાર બનાવ્યાં છે.

દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે પાકિસ્તાનના 40 સૈનિકો ઠાર, વિમાન પણ તોડ્યા

સંદેશ દેનિકે પ્રધાનમંત્રી નરેદ્ર મોદીના નિવેદન સાથે લખ્યુ છે કે પીઓકે પાછું લેવા સિવાય હવે કોઇ વાત નહી

ગુજરાત સમાચારની આજની હેડલાઇન છે કે શસ્ત્ર વિરામનો અણલ યથાવત – દેશભરમાં હાશકારો

નવગુજરાત સમયની હેડલાઇન છે – સેનાએ પાકિસ્તાની આતંકવાદીઓના કમરતોડ પુરાવા વિશ્વ સમક્ષ રજૂ કર્યા

સ્થાનિક અને રાજ્યના સમાચારમાં યુધ્ધ વિરામ વચ્ચે રવિવારે રાત્રે કચ્છમાં ફરી 12 ડ્રોન દેખાયા, યુધધ વિરામને કારણે નલિયાથી સાંતલપુર સુધીના સરહદી પટ્ટામાં શાંતિ રહી, પણ સાંજ પડતા ઉચાટ વધ્યો

ખંભાળિયા સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટાંથી પાણી ભરાયા ખેડૂતોને નુકસાનના સમાચાર દરેક અખબારોએ છાપ્યાં છે

સ્પોર્ટસમાં કોલંબોમાં ત્રિકોણિય શ્રેણીમાં ભારતનો શ્રીલંકા સામે વિજયના સમાચાર અને આઇપીએલની બાકી રહેલી મેચનું સમયપત્રકની ચર્ચા માટે બીસીસીઆઇની બેઠકના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .